# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

---

**અગાઉ ચાલતી કૃષિશાળાઓ અને પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવા માટેની ફી તથા નિયમો નકકી કરવા બાબત...**

## જાહેરનામું
## નં.૬૯૨/૨૦૨૦

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૧૩/૧૨/૨૦૧૯ના રોજ નવસારી ખાતે મળેલ સંચાલક મંડળની ૪૩મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર ૪૩.૦૪થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, અગાઉ ચાલતી કૃષિશાળાઓ અને પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવા માટે આ સાથે સામેલ પત્રક (Appendix-43.04(i))માં દર્શાવ્યા મુજબ ફીનું ધોરણ તથા નિયમો સંચાલક મંડળ દ્વારા મંજૂર કરવામાં આવે છે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/સં.મં./૪૩.૦૪/વેબ–૬૦/૨૦૨૦
નવસારી તા.૨૧/૦૧/૨૦૨૦

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>**નકલ સવિનય રવાના પ્રતિ :**</u>

૧. સંચાલક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.

<u>**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**</u>

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૩. કુલસચિવશ્રીની કચેરીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ શાખા તરફ (૫ નકલમાં) જાણ સારું.
૪. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારું.

**(Appendix-43.04(i))**

# -: પત્રક :-

## કૃષિશાળાઓ અને પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવા માટેની ફી તથા નિયમો નકકી કરવા બાબત...

---

### (૧) ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવા માટેની ફી :

| અ.નં. | વિગત | ફી (રૂા.) |
|---|---|---|
| ૧ | ડુપ્લીકેટ પ્રમાણપત્ર | ૧૦૦/ |
| ૨ | ડુપ્લીકેટ માર્કશીટ | ૧૦૦/ |

### (૨) ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવા માટેના નિયમો:

૧. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી હેઠળ વર્ષ ૨૦૦૪-૫ થી ૨૦૧૦-૧૧ દરમ્યાન ચાર કૃષિશાળાઓ અને પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્ર ચાલતા હતા , જેના રેકર્ડના આધારે ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવાના રહેશે.

૨. અરજદારે ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ મેળવવા માટેની અરજી જે તે કૃષિશાળા/પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્ર ખાતે મોકલી આપવાની રહેશે.

૩. અરજદારે જે તે કૃષિશાળા/પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્ર ખાતે અભ્યાસ કર્યા અંગેના પોતાની પાસે રહેલા આધાર પુરાવાઓની નકલો હોય તો અરજી સાથે જોડવાની રહેશે.

૪. અરજદારે અરજી સાથે સરકાર માન્ય નોટરી પાસે સોગંદનામું તૈયાર કરાવીને અરજી સાથે અસલમાં રજૂ કરવાનું રહેશે.

૫. જે તે કૃષિશાળા/પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રના વડાએ શાળા/કેન્દ્ર ખાતે જરૂરી રેકર્ડ તપાસીને આવી અરજી તેઓની સ્પષ્ટ ભલામણ અને સહી સિકકા સાથે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી ખાતે મોકલી આપવાની રહેશે.

૬. રાજયની તમામ ૧૪ કૃષિશાળાઓ અને પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રોનો વર્ષ ૨૦૦૪-૫ પહેલાનો સંપૂર્ણ રેકર્ડ અમદાવાદથી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે સ્થળાંતર થયેલ હોઈ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ષ ૨૦૦૪-૫ પહેલા ઉત્તિર્ણ થયેલ અરજદારોની અરજીઓ સરદાર કૃષિનગર દાંતીવાડા ખાતે મોકલી આપવાની રહેશે.

૭. જે તે સમયગાળાનો રેકર્ડ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે ઉપલબ્ધ હશે, તો જ અરજદારને ડુપ્લીકેટ પ્રમાણપત્ર/માર્કશીટ કાઢી આપવાના રહેશે.

**તા.૨૧/૦૧/૨૦૨૦**

---:--:-:-:--:--:-:-:--:--:-:--:--:-:--